## નિયામક, સમાજ સુરક્ષા ખાતુ

બ્લોક નં. ૧૬,ગ્રાઉન્ડ ફ્લોર,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ગુજરાત રાજ્ય.
ફોન નં : ૦૭૯ - ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં : ૦૭૯ - ૨૩૨ ૫૬૩૦૮
ઈ - મેઈલ : dir-sd@gujarat.gov.in


---

નં.સસુખા/CPD/૨૦૧૮-૧૯/૮૦૭ તા:૨૭/૦૪/૨૦૧૮

# પરીપત્ર

વિષય:- સમાજ સુરક્ષા ખાતા હસ્તકની સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓના મકાનોનો અન્ય વ્યક્તિઓ કે વિભાગોને ઉપયોગ ન કરવા દેવા બાબત.

સમાજ સુરક્ષા ખાતા હસ્તક વિવિધ કાયદાઓ અને નિયમો જેવા કે ધ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ- ૨૦૧૫ અને તેના નિયમો, ગુજરાત ભિક્ષુક પ્રતિબંધક ધારો-૧૯૫૯ અને તેના નિયમો, THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT, 2016 અને તેના નિયમો, ધી મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટ્સ એન્ડ સિનિયર સિટીઝન એક્ટ-૨૦૦૭ અને તેના નિયમો હેઠળ સરકારી સંસ્થાઓ અને ગ્રાન્ટ ઇન કોડ-૧૯૯૨ હેઠળની સ્વૈચ્છિક સંસ્થાઓ જેવી કે ચિલ્ડ્રન હોમ, ઓબ્ઝરવેશન હોમ, સ્પેશ્યલાઇઝડ એડોપ્શન એજન્સીઓ(શીશુગૃહો), ઓપન શેલટર હોમ, ભિક્ષુક સ્વિકાર કેન્દ્ર/ગૃહો, જિલ્લા આશ્રય ગૃહો, બાળ માર્ગદર્શન કેન્દ્રો, બાળ ગુન્હા નિવારણની કચેરીઓ, વિકલાંગ કલ્યાણક્ષેત્રે કાર્યરત્ત સંસ્થાઓ, વૃધ્ધાશ્રમો વગેરે સબંધિત કાયદા અને તેના નિયમોની અમલવારી કરવા રેહણાંકિય સંસ્થાઓ કાર્યરત્ત છે.

અનુભવે જણાય આવેલ છે કે સદર રહેણાંકિય સંસ્થાઓના મકાનનો અમુક ભાગ અન્ય વ્યક્તિઓ કે કચેરીઓ કે વિભાગોને ઉપયોગ કરવા દેવામાં આવે છે જે યોગ્ય નથી. સદર સંસ્થાઓએ સબંધિત કાયદાઓ અને નિયમોની અમલવારી માટે અને લાભાર્થીઓ/અંતેવાસીઓ/વિધાર્થીઓની સલામતી, વ્યવસ્થાઓ અને સગવડો માટેની જ હોય સદર રહેણાંકિય સંસ્થાઓમાં આશ્રય લઇ રહેલ લાભાર્થીઓ/અંતેવાસીઓ/વિધાર્થીઓની સલામતી માટે સબંધિત અધિકારીઓ, પદાધીકારીઓ અને વાલીઓ સિવાય અન્ય વ્યક્તિઓનો પ્રવેશ નિષેધ હોય છે.

આથી સર્વે સંસ્થાઓના વડાઓ અને પ્રમુખ/મંત્રીશ્રીઓને જણાવવામાં આવે છે કે સમાજ સુરક્ષા ખાતા હસ્તકની સરકારી સંસ્થાઓ અને ગ્રાન્ટ ઇન કોડ-૧૯૯૨ હેઠળની સ્વૈચ્છિક સંસ્થાઓના મકાનનો અમુક ભાગ અન્ય વ્યક્તિઓ કે કચેરીઓ કે વિભાગોને ઉપયોગ ન કરવા દેવા જણાવવામાં આવે છે. જો સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજ્ય, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી અથવા સબંધિત ન્યાયિક પદાધીકારીઓ/અધિકારીઓ કે સબંધીત સત્તામંડળોના તપાસ / નિરીક્ષણ કે ઓડિટ અહેવાલમાં સંસ્થાઓના મકાનનો અમુક ભાગ ત્રાહિત વ્યક્તિઓ/કચેરી/વિભાગોને ઉપયોગ કરવા દેવામાં આવે છે તેવું માલુમ પડશે તો સબંધિત સંસ્થાઓના વડા પર નિયામોનુસારની કાર્યવાહી કરવામાં આવશે અને ગ્રાન્ટ ઇન કોડ-૧૯૯૨ હેઠળની સ્વૈચ્છિક સંસ્થાઓના તે વર્ષના મકાનભાડા કે મકાનને લગતા અન્ય ખર્ચાઓ ઓડિટ વખતે અમાન્ય કરવામાં આવશે જેની ગંભીર નોંધ લેવી.

અસામાન્ય સંજોગોમાં રહેણાંકિય સંસ્થાઓના મકાનનો ઉપયોગ વ્યક્તિઓ કે કચેરીઓ કે વિભાગોને ઉપયોગ કરવા દેવા માટે નિયામક સમાજ સુરક્ષા ખાતાની ફરજીયાત મંજુરી લેવાની રહેશે.

ઉક્ત પરીપત્રનો તાતકાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
સંસ્થાના વડા/પ્રમુખ/મંત્રીશ્રી,
સમાજ સુરક્ષા ખાતા હસ્તની સર્વે સરકારી
અને અનુદાનીત સંસ્થાઓ.

નકલ સવિનય રવાના:-

(૧) અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગને જાણ સારૂ.
(૨) કલેકટર વ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સર્વેને જાણ સારૂ.
(૩) પ્રમુખશ્રી, જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ, સર્વેને જાણ સારૂ.
(૪) અધ્યક્ષશ્રી, ચાઇલ્ડ વેલફેર કમિટી, સર્વેને જાણ સારૂ.

નકલ રવાના:-

(૧) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, સર્વેને જાણ અને આનુષાંગિક કાર્યવાહી સારૂ.
(૨) જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, સર્વેને જાણ અને આનુષાંગિક કાર્યવાહી સારૂ.
(૩) પોગ્રામ મેનેજરશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગર ને જાણ અને આનુષાંગિક કાર્યવાહી સારૂ.
(૪) હિસાબી અધિકારીશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગરને જાણ અને આનુષાંગિક કાર્યવાહી સારૂ.
(૫) આદેશ ફાઇલ.